૯ મહિનાથી ૧૪ વર્ષની ઉંમરનાં બાળકોમાં જોવા મળતા

ચાંદીપુર વાઈરસથી ગભરાવવાની જરૂરત નથી, સાવચેતી જરૂરથી રાખો : ઋષિકેશ પટેલ

ચોમાસામાં સામાન્ય રીતે જોવા મળતો આ રોગમાં ગુજરાતમાં 12 કેસો નોંધાયા, છ દર્દીના શંકાસ્પદ મોત



ગાંધીનગર,તા.15 : ૯ મહીનાથી ૧૪ વર્ષની ઉમરના બાળકોમાં જોવા મળતા ચાંદીપુરા વાયરલ એનકેફેલાઇટીસ રોગ થી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. ગુજરાતમાં હાલમાં આવા 12 જેટલા શંકાસ્પદ કેસો જોવા મળ્યા છે, જે પૈકી ૬ દર્દીઓ હાલમાં સારવારલ હેઠળ છે. આ કોઇ નવો રોગ નથી . સામાન્ય પણે વરસાદી ઋતુમાં અને તેમાં પણ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતો રોગ છે. તેમ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે જણાવ્યું હતું.સાબરકાંઠા જિલ્લામાં ૪ , અરવલ્લી જિલ્લામાં 3 , મહીસાગર અને ખેડા જિલ્લામા એક- એક શંકાસ્પદ કેસ જ્યારે રાજસ્થાન ૨ દર્દીઓ અને મધ્યપ્રદેશના એક દર્દીઓ કે જેઓએ ગુજરાતમાં સારવાર મેળવી હોય આમ કુલ ૧૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જે તમામ ના સેમ્પલ પુના ખાતેની લેબમા પરિક્ષણ માટે મોકલવામાં આવ્યા છે જેનું પરિણામ સરેરાશ ૧૨ થી ૧૫ દિવસમાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ ૬ મૃત્યુ રાજ્યમાં નોંધાયા છે પરંતુ સેમ્પલના પરિણામ આવ્યા બાદ જ ચાંદીપુરા રોગના આ કેસ હતા કે નહીં તેની પૃષ્ટિ થશે.

ચાંદીપુરા વાયરલ એનકેફેલાઇટીસ રોગ - વેક્ટર -અસરગ્રસ્ત સેન્ડ ફ્લાયના (રેત માંખ) કરડવાથી થાય છે અને ખાસ કરીને ૯ મહીનાથી ૧૪ વર્ષની ઉમરના બાળકોમાં જોવા મળે છે. હાઇગ્રેડ તાવ, ઉલ્ટી ઝાડા, માથાનો દુખાવો, અને ખેંચ આવવી એ આ રોગ ના મુખ્ય લક્ષણો છે. આ પ્રકારના લક્ષણો બાળકોમાં જોવા મળે ત્યારે તાત્કાલિક તબીબી સલાહ લેવા પટેલે અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં હાલ આ રોગની સ્થિતિ વિષે જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના ૧૨ જેટલા શંકાસ્પદ કેસ જોવા મળ્યા છે. જેમાંથી ૬ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

કેબીનેટ મંત્રીએ કહ્યું હતું કે ચાંદીપુરા રોગ ચેપી નથી પરંતુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની પ્રાથમિક તબક્કે જ સૂચના અપાઇ હતી. જેના પરિણામે અત્યારસુધીમાં કુલ ૪૪૮૭ ઘરોમાં કુલ ૧૮૬૪૬ વ્યક્તિઓનું સ્ક્રીનીંગ કરાયું છે.સેન્ડફ્લાય કંટ્રોલ માટે કુલ ૨૦૯૩ ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરાયો છે.રાજ્ય આરોગ્ય વિભાગ અગમચેતીના ભાગરૂપે આ રોગનો ફેલાવો અટકાવવા માટે રાઉન્ડ ધ ક્લોક કામ કરી રહ્યું છે. આ ક્ષણે રાજ્યના નાગરિકોને આ રોગ થી ગભરાવવા નહીં પરંતુ સાવચેતી જરૂરથી રાખવા જણાવ્યું છે અને પ્રાથમિક લક્ષણો જણાઇ આવે તો નજીકના હોસ્પિટલમાં તપાસ અને સારવાર કરાવવા પણ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મગજના તાવ (સી.એચ.પી.વી.) નો રોગચાળો તાવ ના લક્ષણો સાથે વર્ષ ૧૯૬૫ માં મહારાષ્ટ્ર રાજ્યના ચાંદીપુરા જિલ્લામાં નોંધાયો હતો. ત્યારબાદ આંદ્રપ્રદેશ અને ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં પણ આ રોગચાળો નોંધાયો. આ વાયરસ જીન્સ વેસિક્યુલોવાયરસ કુટુંબને અનુસરે છે.ગુજરાતમાં દર વર્ષે આ રોગના કેસ જોવા મળે છે ખાસ કરીને ઉત્તર-મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં આ રોગના કેસ નોંધાયા છે.

ધો.10ના વિદ્યાર્થીએ 3 યુવતીને મોબાઈલમાં અશ્લીલ વિડીયો બતાવ્યા અને આવું કરવું છે પૂછી ભાગી ગયો

ડભોલી-જહાંગીરપુરા બ્રિજ પર કરાયેલી છેડતીમાં યુવતીઓએ લોકોને કહેતા કિશોરને પકડી લેવાયો

સુરતઃ ડભોલી જહાંગીરપુરા બ્રિજ ઉપર ગઈકાલે બેઠેલી ત્રણ યુવતીઓ પાસે એક 15 વર્ષનો કિશોર આવ્યો હતો. મોબાઈલમાં અશ્લીલ વિડીયો બતાવી આવું કરવું છે, એવું પૂછીને ભાગી ગયો હતો. જોકે લોકોએ તેને પકડી પોલીસને સોંપતા પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે છેડતીની ફરિયાદ નોંધાવનાર યુવતી પોલીસ પુત્રી છે.

જહાંગીપુરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી બે યુવતીઓ અને એક કિશોરી ગઈકાલે રાત્રે 10 વાગે ડભોલી જહાંગીરપુરા બ્રિજ પર બેઠી હતી. આ દરમિયાન આજુબાજુમાં ત્રણેક પરિવારો પણ બેઠા હતા. આ સમયે ૧૫ થી ૨૦ વર્ષની વચ્ચેનો એક કિશોર અવારનવાર આ યુવતીઓની પાસે આંટાફેરા મારતો હતો. થોડીવાર બાદ અન્ય પરિવારો જતા રહ્યા હતા.

આ બંને યુવતીઓ અને કિશોરી એકલા બેઠા હતા. ત્યારે અજાણ્યા કિશોરે તેઓની પાસે આવ્યો હતો. અને પોતાના મોબાઈલમાં અશ્લીલ વિડિયો ચાલુ કરી યુવતીને બતાવ્યો હતો. અને યુવતીને બિભત્સ ઈશારાઓ કરી છેડતી કરી હતી. અને મોબાઈલમાં ચાલી રહેલો અશ્લીલ વિડીયો બતાવી યુવતીઓને આ કરવું છે તેમ કહી ત્યાંથી ભાગી ગયો હતો. છોકરીઓએ ત્યાં કેટલાક લોકોને વાત કરતા કિશોરને પાળા પાસેથી પકડીને પોલીસને સોંપ્યો હતો. જહાંગીરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો નોંધ્યો હતો. કિશોર ધોરણ 10માં અભ્યાસ કરે છે.

સચિનમાં 4 વર્ષીય બાળકીનું ઝાડા-ઊલટીના કારણે મોત

સુરતઃ સચિનમાં 4 વર્ષીય બાળકીનું ઝાડા-ઊલટીના કારણે મોત નિપજ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, સચિન વાંઝગામ પાસે આવેલ નવી કોલોનીમાં વિશાલ તુફાનીરામ, બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. વિશાલ મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. વિશાલના સંતાન પૈકી 4 વર્ષીય પુત્રી પરીને રવિવારે રાત્રે ઝાડા-ઉલટી થવા લાગ્યા હતા. જેથી પરિવારજનો તેણીને સારવાર માટે ખાનગી દવાખાનામાં લઈને ગયા હતા. ત્યારબાદ તે દવા લઈને સૂઈ ગઈ હતી. સોમવારે સવારે તેણીને તબિયત લથડતાં તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.

પુણામાં લોકોએ ઊભરાતી ગટરોના ઢાંકણા પર ભાજપના ઝંડા મૂકી વિરોધ

પુણાની અનેક સોસાયટીઓમાં ઉભરાતી ડ્રેનેજ મુદ્દે સ્થાનિકો દ્વારા ભારે સૂત્રોચ્ચાર

સુરત : શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી ઝાપટા વચ્ચે શહેરના પુણાગામ વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યા ઉદભવી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સ્થાનિકો દ્વારા અવારનવાર સ્થાનિક નગરસેવકો અને પાલિકામાં ફરિયાદ કરવા છતાં હજુ સુધી આ ફરિયાદનું નિરાકરણ આવ્યું નથી. જેના કારણે મેલેરિયા, ઝાડા ઉલટી સહિત પાણીજન્ય રોગચાળો ફેલાવવાની સ્થિતિ વચ્ચે સ્થાનિકોએ આજે ભારે સૂત્રોચાર કરી રસ્તા પર ભરાયેલા ગટરના પાણીમાં અને ગટરના ઢાંકણા પર ભાજપનો ઝંડો મૂકી વિરોધ નોંધાવ્યો હતો.

છેલ્લા છ દિવસથી પુણાગામ વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યા ઊભી થવા પામી છે. પુણામાં આવેલી સંતોષી કૃપા સોસાયટી, વિક્રમ નગર, નેતલદેવ પાર્ક સોસાયટી અને ચામુંડા નગર સોસાયટીમાં ડ્રેનેજના અત્યંત દુર્ગંધ મારતા પાણીનો ભરાવો થવા પામ્યો છે. જેના કારણે સ્થાનિક લોકોની હાલત કફોડી થવા પામી છે. આ મામલે સ્થાનિક લોકો દ્વારા અવારનવાર સ્થાનિક નગરસેવકો અને પાલિકાના અધિકારીઓને ફરિયાદ કરવા છતાં હજુ સુધી આ સમસ્યાનો નિરાકરણ આવ્યું નથી. જેથી સ્થાનિકો દ્વારા ભાજપના ઝંડાને ડ્રેનેજના પાણી વચ્ચે ગટર ઉપર મૂકી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે સ્કૂલ અને ક્લાસીસ જતા વિદ્યાર્થીઓ આ અત્યંત દુર્ગંધ મારતા પાણીમાંથી પસાર થાય છે. જે જોખમી છે. પાલિકાના અધિકારીઓને રજૂઆત કરવામાં આવી ત્યારે તેઓએ જણાવ્યું હતું કે હાલમાં શનિ-રવિ હોવાના કારણે કામગીરી થઈ શકે તેમ નથી. જેથી સ્થાનિક લોકોમાં પાલિકાના અધિકારીઓ સામે વધુ રોષ જોવા મળ્યો હતો.

FEDERAL BANK YOUR PERFECT BANKING PARTNER

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, જીર અને જીડ, ગ્રાઉન્ડ ફ્લોર, ઈવેન્ટી, સરદાર પટેલ નગર, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૬, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

પઝેશન નોટીસ

આથી, **ફેડરલ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત નીચે જણાવેલ તારીખે ઉધારકર્તાઓ/જામીનદારોને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ ભરી જવા જણાવ્યું હતું. ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૩.૦૭.૨૦૨૪** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમીટેડ** ની રકમ અને વ્યાજ સાથે ભરી જવા બોજાને આધિન રહેશે.

ક્રમ નં.	ઉધારકર્તાનું નામ અને સરનામું	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કુલ બાકી લ્હેણી રકમ
૧.	**(૧). માશી મનોજભાઈ દિનેશભાઈ S/o માશી દિનેશભાઈ, (૨). સીતાબેન દિનેશભાઈ માશી ઉર્ફે માશી સીતાબેન દિનેશભાઈ W/o દિનેશભાઈ માશી, (૩). માશી દિનેશભાઈ S/o મંગલભાઈ માશી, બધાનું સરનામું :** ભૈરવનગર, ભેસ્તાન, સુરત, ગુજરાત - ૩૯૫૦૨૩. **શાખાનું નામ : ટેન શાખા**	ડીમાન્ડ નોટીસની તારીખ : ૧૬.૦૮.૨૦૨૩ **(એ).** FHS લોન એકાઉન્ટ નં. ૨૨૪૬૭૩૦૦૦૦૧૪૯૭ ની બાકી રકમ **રૂા. ૧૧,૫૭,૭૪૪/- (રૂા. અગિયાર લાખ સત્તાવન હજાર સાતસો ચુંમાલીસ પુરા),** તા. ૧૨.૦૮.૨૦૨૩ ના રોજ સંયુકત રીતે અને અલગ થી બાકી છે. **(બી).** ફેડરસ પર્સનલ લોન - એસેટ ગાર્ડન એકાઉન્ટ નં. ૨૨૪૬૭૬૦૦૦૦૦૮૦૧ ની બાકી રકમ **રૂા. ૨૯,૮૧૨/- (રૂા. ઓગણત્રીસ હજાર આઠસો બાર પુરા),** તા. ૧૨.૦૮.૨૦૨૩ ના રોજ સંયુકત રીતે અને અલગ થી બાકી છે.	**(એ).** FHS લોન એકાઉન્ટ નં. ૨૨૪૬૭૩૦૦૦૦૧૪૯૭ ની બાકી રકમ **રૂા. ૧૨,૮૭,૦૧૨/- (રૂા. બાર લાખ સિત્યાસી હજાર બાર પુરા),** તા. ૧૩.૦૭.૨૦૨૪ ના રોજ સંયુકત રીતે અને અલગ **(બી).** ફેડરસ પર્સનલ લોન - એસેટ ગાર્ડન એકાઉન્ટ નં. ૨૨૪૬૭૬૦૦૦૦૦૮૦૧ ની બાકી રકમ **રૂા. ૩૨,૭૬૫/- (રૂા. બત્રીસ હજાર સાતસો પચ્ચાણું પુરા),** તા. ૧૩.૦૭.૨૦૨૪ ના રોજ સંયુકત રીતે અને અલગ માનનીય એડીશનલ ચીફ જુરીસીયલ મેજીસ્ટ્રેટ - કઠોર, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત ના ઓર્ડર નં. CRMA 910/2024, તા. ૦૫.૦૬.૨૦૨૪ મુજબ પ્રત્યક્ષ કબજો લેવા જણાવેલ
૨.	**(૧). યાદવ વંદના સુનિલ W/o સુનિલ વિનોદ યાદવ (૨). સુનિલ વિનોદ યાદવ S/o વિનોદ યાદવ, બધાનું સરનામું :** ૬૯૮, અવિર્ભાવ સોસાયટી, ત્રીજો માળ, ચિકુવાડીની પાસે, પાંડેસરા, સુરત, ગુજરાત - ૩૯૪૨૨૧ // ૭૦૧, અવિર્ભાવ સોસાયટી - ૧, જીએચબી રોડ, ચીકુવાડીની પાસે, પાંડેસરા, સુરત, ગુજરાત - ૩૯૪૨૨૧ // ૭૯૩, અવિર્ભાવ સોસાયટી - ૧, જીએચબી રોડ, સુરત સીટી, પાંડેસરા, સુરત, ગુજરાત - ૩૯૪૨૨૧. **શાખાનું નામ : પીપોદરા શાખા**	ડીમાન્ડ નોટીસની તારીખ : ૦૩.૦૭.૨૦૨૩ **(એ).** FHS લોન એકાઉન્ટ નં. ૨૧૯૫૭૩૦૦૦૦૧૩૧૬ ની બાકી રકમ **રૂા. ૧૮,૨૭,૧૪૦.૬૪ (રૂા. અઢાર લાખ સત્યાવીસ હજાર એકસો ચાલીસ અને ચોરાણું પૈસા પુરા),** તા. ૦૫.૦૭.૨૦૨૩ ના રોજ સંયુકત રીતે અને અલગ થી બાકી છે. **(બી).** ફેડરસ પર્સનલ લોન - એસેટ ગાર્ડન એકાઉન્ટ નં. ૨૧૯૫૭૬૦૦૦૦૦૭૨૯ ની બાકી રકમ **રૂા. ૩૨,૭૫૭/- (રૂા. બત્રીસ હજાર સાતસો સત્તર પુરા),** તા. ૩૦.૦૬.૨૦૨૩ ના રોજ સંયુકત રીતે અને અલગ થી બાકી છે.	**(એ).** FHS લોન એકાઉન્ટ નં. ૨૧૯૫૭૩૦૦૦૦૧૩૧૬ ની બાકી રકમ **રૂા. ૨૦,૨૩,૧૭૭.૬૪ (રૂા. અઢાર લાખ ત્રેવીસ હજાર એકસો સિત્યોતેર અને ચોરાણું પૈસા પુરા),** તા. ૧૩.૦૭.૨૦૨૪ ના રોજ સંયુકત રીતે અને અલગ **(બી).** ફેડરસ પર્સનલ લોન - એસેટ ગાર્ડન એકાઉન્ટ નં. ૨૧૯૫૭૬૦૦૦૦૦૭૨૯ ની બાકી રકમ **રૂા. ૩૮,૪૪૪/- (રૂા. આડત્રીસ હજાર ચારસો ચોદ પુરા),** તા. ૧૩.૦૭.૨૦૨૪ ના રોજ સંયુકત રીતે અને અલગ માનનીય એડીશનલ ચીફ જુરીસીયલ મેજીસ્ટ્રેટ - કઠોર, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત ના ઓર્ડર નં. CRMA 912/2024, તા. ૦૫.૦૬.૨૦૨૪ મુજબ પ્રત્યક્ષ કબજો લેવા જણાવેલ

સ્થાવર મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. ૭૨, ક્ષેત્રફળ ૬૯ સ્કે. યાર્ડ. અને કેજેપી મુજબનો બ્લોક નં. ૪૪૮, સબ પ્લોટ નં. ૨/૭૨, ક્ષેત્રફળ ૫૭.૫૮ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેનો રોડ, સીઓપીનું ક્ષેત્રફળ ૩૫.૭૫ સ્કે.મી., આરાધના ઓર્ચીડ, જે સ્થિત જમીનનો રીવાઝ બ્લોક નં. ૪૪૮, ક્ષેત્રફળ ૧૭૧૭૮.૦૦ સ્કે.મી., તમામ બિલ્ડીંગ અને બાંધકામ સાથેનો સુવિધાઓ સાથે, ગામ - હલધારુ, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - કામરેજ. **ચતુઃસીમા :- પૂર્વે :** બ્લોક નં. ૫૭, **પશ્ચિમ :** સોસાયટી રોડ, **ઉત્તરે :** પ્લોટ નં. ૭૧, **દક્ષિણે :** પ્લોટ નં. ૭૩.

સ્થાવર મિલકતનું વર્ણન :- તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. ૪૮ (કેજેપી દુરસ્તી મુજબ, બ્લોકનં. ૭૪/૪૮, એરીયાનું ક્ષેત્રફળ ૫૫.૯૩ સ્કે.મી.), સાઈટ મુજબ, એરીયાનું ક્ષેત્રફળ ૭૨.૦૦ સ્કે. યાર્ડ. એટલે કે ૬૦.૨૦ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેનું ક્ષેત્રફળ ૩૫.૫૫ સ્કે.મી. કોમન રોડ અને સીઓપી સાથે, તમામ પ્રકારની સહાયતા સાથે, આરાધના પ્લેટીનિયમ, વિભાગ - ૧ થી જાણીતી હાઉસીંગ સોસાયટી, તમામ બિલ્ડીંગ અને બાંધકામ સાથેનો સુવિધાઓ સાથે, સંયુકત નવો રેવન્યુ બ્લોક નં. ૭૪ (જૂનો બ્લોક નં. ૭૪ અને ૭૫), મોજે ગામ - કારેલી, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - પલસાણા. **ચતુઃસીમા :- પૂર્વે :** જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **પશ્ચિમે :** જોડેનો પ્લોટ નં. ૪૭, **ઉત્તરે :** જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **દક્ષિણે :** જોડનો પ્લોટ નં. ૪૯.

તારીખ : ૧૩.૦૬.૨૦૨૪, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમીટેડ

ડિંડોલીમાં નવી બંધાતી બિલ્ડિંગમાં કામ કરતી વખતે કરંટ લાગતા યુવકનું મોત

સુરતઃ ડિંડોલીમાં નવી બંધાતી બિલ્ડિંગમાં કામ કરતી વખતેકરંટ લાગતા યુવકનું મોત નિપજ્યું હતું.

ડિંડોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલી વિસ્તારમાં આવેલ અનંતા હોમસ્ હાઇટ્સ ખાતે 25 વર્ષીય મહેશ શંકરભાઈ બારીયા રહેતો હતો અને ત્યાં જ મજૂરી કામ કરતો હતો. રવિવારે સાંજે 4 વાગ્યાના સુમારે મહેશ લોખંડ કાપવાનું કામ કરી રહ્યો હતો. તે સમયે તેને કરંટ લાગતા તે બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે ડિંડોલી પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

દિવ્યાંગોની 'મજાક' કરવા બદલ યુવરાજ, હરભજન, રૈના, ગુરકિરત વિરુદ્ધ પોલીસ ફરિયાદ

ઇન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં ચારેય ક્રિકેટર લંગડાતા ચાલતા હોવાનું દર્શાવવામાં આવ્યું છે

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઇ) : ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલ વિડિયોમાં દિવ્યાંગોની 'મજાક' કરવા બદલ માજી ક્રિકેટર હરભજન સિંહ, સુરેશ રૈના, યુવરાજ સિંહ અને ગુરકીરત માન વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઑફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલના પ્રમુખ અરમાન અલીએ ચાર ક્રિકેટરો વિશે અમર કોલોની પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને ફરિયાદ કરી છે. આ સાથે તેણે મેટા ઈન્ડિયાના વાઇસ પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટર સંધ્યા દેવનાથન વિરુદ્ધ પણ ફરિયાદ કરી છે. વીડિયોમાં યુવરાજ સિંહ, હરભજન સિંહ અને રૈના લંગડાતા અને તેમની પીઠ પકડીને જોવા મળે છે, જે દર્શાવે છે કે મેચમાં તેમના શરીર પર કેટલી શારીરિક અસર થઈ છે.

વિડિયો સાથેના કેપ્શનમાં લખ્યું છે કે 15 દિવસના લિજેન્ડ ક્રિકેટમાં શરીર બરબાદ થઈ ગયું છે. શરીરનો દરેક ભાગ તૂટી રહ્યો છે. અમારા ભાઈઓ વિકી કૌશલ અને કરણ ઔજલાને સીધો પડકાર તૌબા-તૌબા ગીતના અમારા સંસ્કરણ સાથે. શું ગીત છે.

ફરિયાદમાં અલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઈન્સ્ટાગ્રામ'ની માલિકી ધરાવતી મેટા પર આવી સામગ્રી પોસ્ટ કરીને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ 2000નું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. પોલીસ અધિકારીએ કહ્યું કે અમર કોલોની પોલીસ સ્ટેશનને ફરિયાદ મળી છે અને તેને વધુ તપાસ માટે જિલ્લાના સાયબર સેલને મોકલવામાં આવશે. વર્લ્ડ કપ લિજેન્ડ્સની ફાઇનલમાં ભારત ચેમ્પિયન્સે પાકિસ્તાન ચેમ્પિયન્સને પાંચ વિકેટે હરાવ્યા બાદ ભૂતપૂર્વ ખેલાડીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઈન્સ્ટાગ્રામ' પર ઉપરોક્ત વિડિયો શેર કર્યો હતો.

કોલેજ ટ્રાન્સફર માટે અરજી કરવાના બાકી વિદ્યાર્થીઓ ૨૫ જૂલાઈ સુધી અરજી કરી શકશે

સુરતઃ સુરત શહેરની વીર નર્મદ યુનિ. એફિલિયેટેડ કોલેજમાં ટ્રાન્સફર મેળવવા માટે અરજી કરવાનું ચૂકી ગયેલા વિદ્યાર્થીઓને તક આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ ૨૫મી જુલાઈ, ૨૦૨૪ સુધી અરજી કરી શકશે.

યુનિવર્સિટી દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના પ્રથમ સત્ર દરમિયાન વિદ્યાર્થીઓ કોલેજ ટ્રાન્સફર માટે અરજી કરવાનું ચૂકી ગયા છે, તેવા વિદ્યાર્થીઓને તક આપવામાં આવી છે. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ તેમજ એનઈપીના અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૩માં તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સેમેસ્ટર-૩ માટે બીજી કોલેજમાં ટ્રાન્સફર મેળવી શકાશે. કોલેજ ટ્રાન્સફર માટે વિદ્યાર્થીઓ પોતાના ડેશબોર્ડમાંથી લોગ-ઈન કરી વિદ્યાર્થીએ ૨૫મી જુલાઈ, ૨૦૨૪ સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

મે. ઓલપાડના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, ઓલપાડ

વાદી : મુસ્તફા ફીરોજહુસેન મહુવાવાળા તે મે. મુસ્તફા એન્ટ્પ્રાઈઝ એક ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર તથા ભાગીદારી પેઢી તરફે નિયુક્ત અધિકૃત કરેલ ભાગીદાર, પહેલો માળ, ઓલપાડ કોર્ટ, હાથીસા રોડ, ઓલપાડ, સુરત. **સમરી સ્યુટ : ૫/૨૦૨૧** વિરૂદ્ધ **વાદીના વકીલ શ્રીઃ નિતેશકુમાર એચ. પટેલ**

પ્રતિવાદી : રઘુભાઈ છોટુભાઈ ભરવાડ, રહેવાસી : ચામુંડાનગર નહેર પાસે, ભેંસાણ રોડ, જહાંગીરાબાદ, સુરત-૩૯૫૦૦૫ રહેવાસી : ૨૪, ગોકુળનગર, રાજવિહાર રો હાઉસની બાજુમાં, બોટોનીકલ ગાર્ડનની સામે, ઉગત, સુરત-૩૯૫૦૦૫

જાહેર સમન્સ

આ દાવાના વાદીએ ઉપરોકત નંબરનો દાવો નામે. કોર્ટમાં પ્રતિવાદી સામે વેચાણ કરેલ માલના બીલની રકમ રૂા.૯૩,૭૫૪/- તથા તે ઉપરના વ્યાજના રૂા. ૨૬૭૧૯/- સહિતની કુલ્લે રકમ રૂા. ૧,૨૦,૪૭૩/- વસુલ મેળવવા માટે કરેલ છે. તમોને સદર દાવામાં પ્રતિવાદી તરીકે જોડેલ છે. સદર દાવાના પ્રતિવાદીને નામ. કોર્ટના સમન્સની બજવણી ઈન્ડીયલ પોસ્ટ ઓફીસ મારફતે બજાવતા સદરહું પ્રોસેસ પ્રતિવાદી યેનકેન પ્રકારે બજવા દેતા નથી. જેથી પ્રતિવાદીને દૈનિક ન્યુઝ પેપર દ્વારા નામ.કોર્ટના પ્રોસેસની બજવણી જાહેર રીતે કરવામાં આવે છે. સદર દાવાની હવે પછીની ઠરાવ તારીખ : ૧૯/૦૮/૨૦૨૪ રાખવામાં આવેલ છે. જેથી તે દિવસે પ્રતિવાદીએ જાતે અગર વકીલશ્રી મારફતે સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો પ્રતિવાદીની ગેરહાજરીમાં સદર ઉપરોકત નંબરના દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૧ માહે જુલાઈ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

મુકાબલ કરનાર (સહી) (એમ. એમ. રાઠોડ) સુપ્રિન્ટેન્ડન્ટ — તૈયાર કરનાર (સહી) (બી. બી. ચૌહાણ) આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી (સહી) (બી. સી. રાઠોડ) રજીસ્ટાર, સીવીલ કોર્ટ, ઓલપાડ — તા. ૧૬/૦૭/૨૦૨૪

મોજે ગામ : મોરથાણ, તા. ઓલપાડ, જી. સુરતના બ્લોક નંબરઃ ૭૭ વાળી જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ,ઓલપાડ સબ–ડીસ્ટ્રીકટના મોજે **ગામ : મોરથાણ ના ,બ્લોક નંબર : ૭૭,**જેનો સર્વે.૫૫/૧,**ખાતા નં.૩૩૬** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે. ૦–૩૮–૪૫ **આરે. ચો.મી.યાને ૩૮૪૫ ચો.મી,** અને આકાર **રૂા.૪.૮૧ પૈસા** છે.તે જમીન ના ચાલી આવેલા માલીક **નરેશભાઈ ઠાકોરભાઈ પટેલ** નાએ સદરહુ જમીન પોતાની સ્વપાર્જીત સ્વતંત્ર માલિકી,સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજા અને ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી તથા જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે.સબબ સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો ચાર્જ બોજો,લીયન યા કોઈપણ પ્રકારના હકક,હિત,હિસ્સો,લાગભાગ